# સે.૧૬માં માહિતી કમિશનરની કચેરી આગળ જોખમરૂપ ખાડો

## ખાડાની આસપાસ ચેતવણીરૂપ આડશ કે કોર્ડન કરાયું ના હોવાથી રાત્રે વાહનચાલકો માટે અકસ્માતનો ખતરો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સેક્ટર-૧૬માં ગ-માર્ગ તરફ જવાના રોડ પર ઈલેક્ટ્રોનિક મિડીયા વિભાગના માહિતી કમિશનરની કચેરીના ગેટ આગળ જ ઘણાં સમયથી પાણી કે ગટરની લાઈનના કામ માટે ખોદકામ કરવામાં આવ્યું હતું પરંતુ તે પછી લગભગ ઘણો સમય વીતવા છતાં અંહી ખોદેલો ઉંડો ખાડો કોઈ અગમ્ય કારણોસર જેમનો તેમ રહેવા દેવાયો છે તેવું આ વિસ્તારના નાગરિકોનું કહેવું છે. આ ખાડો બરાબર માહિતી કમિશનરની કચેરીના ગેટ આગળ જ હોવાથી કચેરીના સ્ટાફ સહિત આ આ માર્ગ પરના વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ ખડું થવા પામ્યું છે. વળી નજીકમાં ગ-માર્ગ પર બે સરકારી કોલેજ, ફતેપુરા વસાહત અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સહિત જલસેવા તાલીમ ભવન જેવી કચેરીઓ હોવાથી અહીં સતત વાહન ચાલકોની અવરજવર રહે છે.




આશ્ચર્યની વાત તો એ છે કે આ મસમોટા ખાડાની આસપાસ તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની આડશ કે કોર્ડન કરવા જેવાં સુરક્ષાત્મક પગલાં પણ લેવાયાં નથી જેથી રાત્રિના સમયે આ ખાડો કોઈ વાહચાલકનો ભોગ લે તેવું જોખમ પણ તોળાઈ રહ્યું છે. અત્રે જે પણ કામ બાકી હોય તેને સત્વરે પૂર્ણ કરીને ખાડાને ઝડપથી પુરવામાં આવે અને આગામી ચોમાસાને અનુલક્ષીને તેમાં પુરતું વોટરિંગ કરીને યોગ્ય માત્રામાં માટી પુરાણ કરવામાં આવે તેવી આ વિસ્તારની જનતામાં માંગ ઉઠવા પામી છે.

# નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી અને GMR એવિએશન એકેડમી "એવિએશન ફોરેન્સિક્સ" પર સાથે મળીને કાર્ય કરશે

ગાંધીનગર

વિશ્વની પ્રથમ અને એકમાત્ર ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU) અને GMR એવિએશન એકેડમી



(GMRAA) સાથે મળીને ફોરેન્સિક્સ અને એવિએશન સાયબર સિક્યોરિટીના ક્ષેત્રમાં વિકાસ-વિસ્તરણ અને શૈક્ષણિક કાર્યક્રમોના આયોજન માટે સંયુક્ત રીતે કાર્ય કરશે. આ શૈક્ષણિક કાર્યક્રમોનો હેતુ દેશમાં સાયબર સિક્યોરિટી અને ફોરેન્સિક પ્રોફેશનલ્સની માંગને પૂર્ણ કરવાનો છે. આ ઉમદા ઉદ્દેશ્યને પૂર્ણ કરવા GMRAA દ્વારા NFSU સાથે તા.૧૨મી જુલાઈ, ૨૦૨૨ના રોજ નવી દિલ્હી ખાતે સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યો હતો.

પ્રો. (ડૉ.) પૂર્વી પોખરિયાલ, કેમ્પસ ડાયરેક્ટર, ગાંધીનગર અને સુશ્રી પારુલ કુલશ્રેષ્ઠ, હેડ, એઈ એવિએશન એકેડમીએ આ સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે પ્રો. (ડૉ.) એસ. ઓ. જુનારે, ઈન્ચાર્જ કુલપતિ-NFSU; ડૉ. અશ્વની લોહાની, CEO-જીએમઆર સર્વિસિસ બિઝનેસ; શ્રી રાહુલ શાંડિલ્ય, ગ્રુપ સીઆઈઓ-જીએમઆર એરપોર્ટ અને શ્રી બિથલ ભારદ્વાજ, ગ્રુપ સીઆઈએસઓ-જીએમઆર એરપોર્ટ લિ. ઉપસ્થિત રહ્યા હતા.

# પશુપાલન ક્ષેત્રે વિસ્તરણ શિક્ષણમા શ્રેષ્ઠ કાર્ય બદલ ગુજરાતની કામધેનુ યુનિવર્સિટીને એવોર્ડ એનાયત કરાયો



ગાંધીનગર

નવી દિલ્હી ખાતે ઈન્ડિયન ચેમ્બર ઓફ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર તેમજ એગ્રીકલ્ચર ટુડે ગ્રુપના સંયુક્ત ઉપક્રમે પશુપાલન અને ડેરી વિભાગ, ભારત સરકારના સહયોગથી આયોજિત "ઈન્ડીયા એનિમલ હેલ્થ સમીટ-૨૦૨૨" માટે કામધેનુ યુનિવર્સિટીની પસંદગી કરવામાં આવી હતી.

દિલ્હી ખાતે તા. ૬ અને ૭ જુલાઈ, ૨૦૨૨ એમ બે દિવસીય ભારતીય પશુ સ્વાસ્થ્ય સમીટનું સૌ પ્રથમવાર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પશુસ્વાસ્થ્ય આહાર નીતિ, પશુ સ્વાસ્થ્ય ક્ષેત્રે વ્યવસાય લક્ષી વાતાવરણ અને રોકાણની તકો, "વન હેલ્થ" માટે પશુસ્વાસ્થ્ય સંચાલાન ક્ષેત્રે નવીન અભિગમ, પશુસ્વાસ્થ્ય અંતર્ગત વ્યવહાર નીતિ અને નિયમનકારી પર્યાવરણ જેવા વિવિધ વિષયો ઉપર પેનલમાં વિસ્તૃત ચર્ચા થયેલ. પશુસ્વાસ્થ્ય સંલજ્ઞ ક્ષેત્રો માંથી ઉત્તમ યોગદાન આપનાર ભારતની સંસ્થાને ગુજરાતના રાજ્યપાલશ્રી દ્વારા એવોર્ડ અર્પણ કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. જેમાં કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરને પશુપાલકો સુધી વૈજ્ઞાનિક માહિતી પહોંચાડવામાં અગ્રેસરનો ફાળો આપવા બદલ લીડરશીપ ઈન્ડીયા એનિમલ હેલ્થ એવોર્ડ-૨૦૨૨" એનાયત કરવામાં આવ્યો હતો. આ રાષ્ટ્રીય મંચમા કામધેનુ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી ડો એન. એચ. કેલાવાલાએ કામધેનુ યુનિવર્સિટીનો પશુસ્વાસ્થ્ય માટે ગુજરાત રાજ્યની પોલિસી અને તેની ભૂમિકા વિષય પર માર્ગદર્શન આપ્યું અને વકતવ્ય દરમ્યાન પોતાના વિચાર રાષ્ટ્રીય ફોરમ લેવલે રજુ કર્યા હતા.

કામધેનુ યુનિવર્સિટી દ્વારા પશુપાલન ક્ષેત્રે વિસ્તરણ શિક્ષણ હેઠળ પશુપાલકો માટે વિવિધ કાર્યક્રમો થકી થયેલ સંશોધનો વિષે પશુપાલકોને તાલીમ આપી આર્થિક રીતે સમૃદ્ધ કરવાના પ્રયત્નો કરવામાં આવે છે.

પશુપાલન ક્ષેત્રે વિસ્તરણ શિક્ષણમાં શ્રેષ્ઠ કાર્ય બદલ ગુજરાતની કામધેનુ યુનિવર્સિટીએ દિલ્હી ખાતે લીડરશીપ "એનિમલ હેલ્થ એવોર્ડ-૨૦૨૨" મેળવી ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યું છે. ભારત સરકારના રાજ્યકક્ષાનાં કાયદા અને ન્યાયમંત્રીશ્રી ડૉ. એસ.પી. સિંહ બધેલની ઉપસ્થિતીમાં યોજાયેલ સમારોહમાં ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનાં વરદ હસ્તે કામધેનુ યુનિવર્સિટીનાં કુલપતિ ડૉ. એન. એચ. કેલાવાલાને એવોર્ડ એનાયત કરવામાં કરવામાં આવ્યો હતો.

આ એવોર્ડ માટે કામધેનુ યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. એન. એચ. કેલાવાલા, વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. જે. એસ. પટેલ તેમજ ડૉ. આર. એસ. ઘાસુરા નવી દિલ્હી ખાતેના એન.એ.એસ.સી કોમ્પલેક્ષ, નવી દિલ્હી ખાતે હાજર રહ્યા હતા.

# ગુરુ કર્મ, ભાવના અને બુદ્ધિને યોગ્ય દિશા આપે છે : પૂ. ગુરુમા

## ગુરુપૂર્ણિમાની સે.૧ના સમદર્શન આશ્રમમાં ભક્તિભાવપૂર્ણ ઉજવણી : કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ અને નગરસેવકો ઉજવણીમાં સહભાગી થયા



ગાંધીનગર, તા.૧૩

ગુરુપૂર્ણિમાના પાવન પર્વે આજે ગાંધીનગરના સેક્ટર-૧ માં સ્થિત સમદર્શન આશ્રમમાં પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીના સાંન્નિધ્યમાં ભક્તિભાવપૂર્વક ગુરુપૂર્ણિમાની ઉજવણી થઈ હતી. ગુરુપરંપરાનું પૂજન અને પૂજ્ય ગુરુમાના પૂજન પછી પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ આશીર્વચન આપતાં કહ્યું હતું કે, ઈશ્વરની કૃપા સૌ પર બની રહે, ગુરુપરંપરાની કૃપા સૌ પર બની રહે અને સૌના કર્મ, ભાવના અને બુદ્ધિને યોગ્ય દિશા મળે અને એ દ્વારા સૌ કોઈ પોતાના જીવનને સફળ કરો એવી ગુરુજીના ચરણોમાં પ્રાર્થના.

સમદર્શન આશ્રમમાં ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણીમાં ગુજરાત રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ પણ પધાર્યા હતા. તેમણે પૂજ્ય ગુરુમાના આશીર્વાદ મેળવ્યા હતા. ગાંધીનગર મહાનગરપાલિકાના સેક્ટર -૧ વૉર્ડના તમામ મ્યુનિસિપલ કાઉન્સિલર્સ પણ ઉજવણીમાં સહભાગી થયા હતા. આજે સવારે ૭ વાગ્યાથી પૂજન શરૂ થયું જેમાં સૌ પ્રથમ પૂ. ગુરુમાએ સમસ્ત ગુરુપરંપરાનું પૂજન કર્યું હતું ત્યારબાદ સવારે ૯ વાગ્યાથી પૂ.ગુરુમાના પૂજનનો પ્રારંભ થયો હતો. મુખ્ય યજમાન ઉષાબેન મહેતા અને પરિવારજનો સાથે ૫૦ જેટલા યુગલોએ પૂજ્ય ગુરુમાનું પૂજન કર્યું હતું.

ગુરુપૂર્ણિમાના પાવન અવસરે પૂજ્ય ગુરુમાએ કહ્યું હતું કે, સમસ્ત ગુરુપરંપરા પ્રત્યે કૃતજ્ઞતાની અભિવ્યક્તિનો આ દિવસ છે. સાચા ગુરુ કર્મ, ભક્તિ, વ્યવહાર અને બુદ્ધિ; આ બધામાં શુદ્ધતા શીખવાડે છે. એ પછી આત્મજ્ઞાન માટે કોઈ અધિકારી બને છે. હું સચ્ચિદાનંદ અખંડ બ્રહ્મ છું; આ ભાન, આ જ્ઞાન કેવલ ગુરુ પાસેથી જ પ્રાપ્ત થાય છે. પૂ. ગુરુમાએ કહ્યું હતું કે, દયાવાન ભગવાન પોતાના સ્વરૂપની પ્રતિકૃતિ તરીકે ગુરુજીને આપણી સમક્ષ મૂકી દે છે. ગુરુપરંપરાથી જ સઘળુ જ્ઞાન, ગીતા અને ઉપનિષદનું જ્ઞાન આપણા સુધી પહોંચ્યુ છે, એ ગુરુજનોની જ કૃપા છે. આવી કૃપા એ આપણા પ્રયત્નોનું પરિણામ નહી પણ ઈશ્વરે કરેલી કૃપા જ છે એમ કહીને પૂજ્ય ગુરુમાએ પોતાના જીવનને સમૃદ્ધ કરનાર ચારેય ગુરુજીનું સ્મરણ કરીને પ્રણામ પાઠવ્યા હતા.

આશીર્વચન પાઠવતાં પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ કહ્યું હતું કે, ભગવાનને ડરથી નહીં પણ પ્રેમથી ભજવાના છે. ભગવાનને તો ભાવથી વ્હાલ કરવાનું છે. ઈશ્વર સાથે નાતો બાંધવા ભાવનાઓનો ઉપયોગ કરો કે, એ આધ્યાત્મિક ઉન્નતિ તરફ લઈ જાય. ઈશ્વરને સ્વજન તરીકે અપનાવી શકીએ એટલો ભરોસો દ્રઢ થવો જોઈએ. લાગણીઓને કેવી રીતે સંભાળવી ? કેવી રીતે ભગવાનના વ્હાલા થવું અને કેવી રીતે ભગવાનને વ્હાલા બનાવવા આ બધું જ કોઈ ગુરુ જ શીખવે છે. ભગવાનની ભક્તિ કરતા પણ ગુરુજી-આચાર્ય જ શીખવે.

# ગુજરાતમાં પાણીનુ પાણીદાર આયોજન... ખેતરે ખેતરે પહોંચ્યા નર્મદાના નીર

ગાંધીનગર, તા. ૧૩

પાણી મામલે અછતગ્રસ્ત એવા ગુજરાતના ખૂણે ખૂણે સિંચાઈનું પાણી પહોંચાડવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. અગાઉ ક્યારેય કોઈએ કલ્પના ન કરી હોય તેવા રણ વિસ્તારમાં પણ સિંચાઈના પાણી કેનાલ મારફતે અને પાઈપલાઈન મારફતે પહોંચતા કરવામાં આવ્યા છે. ખેડૂતો માત્ર વરસાદી ખેતી પર આધારિત ન રહી બારેમાસ ખેતી કરી શકે અને સુખી સમૃદ્ધ બને તે આશયથી તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પાણીનુ પાણીદાર આયોજન કર્યુ. સૌની યોજના અને સુજલામ સુફલામ કેનાલ યોજના શરૂ કરાવી જે પૂર્ણ થતાં ખેતરે ખેતરે પાણી પહોંચતુ થતા ગુજરાતના ખેડૂતો હવે



બારેમાસ ખેતી કરી શકે છે.

ભુગર્ભ જળની નિર્ભરતાને ઘટાડવા અને વરસાદી પાણીના સુઆયોજિત સંગ્રહ માટે નરેન્દ્રભાઈ મોદીએ ન માત્ર કેનાલ નેટવર્ક ઉભુ કર્યુ પરંતુ તેમણે લોકોને જળસંગ્રહ ક્ષમતા વધારવા માટે પ્રેરિત કર્યા.

લોકભાગીદારીથી જળ સંચયના કામો કરવાની દેશમાં નવી પદ્ધતિ આપી છે. તેમના જળ સંગ્રહના અભિયાનને આગળ વધારા સુજલામ સુફલામ જળ અભિયાન શરૂ થયું. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પાંચમો તબક્કો પૂર્ણ થયો. જેમાં ૨૦.૮૧ લાખ માનવદિનની રોજગારી શ્રમિકોને મળી છે અને રાજ્યની ૨૪ હજાર ૪૧૮ લાખ ઘન ફૂટ જળસંગ્રહ ક્ષમતા વધી છે.

અંબાજીથી ઉમરગામના આદિવાસી વિસ્તારોમાં લિફ્ટ ઈરીગેશન દ્વારા સિંચાઈનું પાણી પહોંચાડીને આદિવાસી વિસ્તારના ખેડૂતોને સિંચાઈ પૂરી પાડી છે.

**સુજલામ સુફલામ યોજના (સ્પ્રેડીંગ કેનાલ અને પાઈપલાઈનો)**

ઓછા અને અનિયમિત વરસાદની સમસ્યાથી પીડાતા અને સૂકા પેટાળવાળા ઉત્તર ગુજરાતના આઠ જિલ્લાઓ માટે પીવાના પાણી અને સિંચાઈ સુવિધાઓ પુરી પાડવા કડાણા યોજનાના દરિયામાં વહી જતુ અંદાજે ૭૦૦ મિલિયન ઘનમીટર પાણી કડાણા બંધથી બનાસ બેઝિન સુધી ૩૩૭ કિ.મી. લંબાઈની કેનાલ દ્વારા પહોંચાડવાની યોજના પૂર્ણ થઈ છે જેના પરીણામે ૧.૭૨ લાખ એકર વિસ્તારમાં જમીનને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સિંચાઈનો લાભ મળ્યો છે. ઉત્તર ગુજરાતમાં ભુગર્ભ જળ દર વર્ષે ૩ થી ૪ મીટર જેટલા નીચા જતા હતા. સુજલામ સુફલામ યોજનાના અમલ દ્વારા ભુગર્ભ જળ સંચય થવાથી ભુગર્ભ જળના સ્તર નીચા જતા અટક્યા છે જેના કારણે સિંચાઈ માટે થતા વિજળીના ખર્ચમાં બચત થઈ છે. ૮૬૪.૨૨ કિ.મી લંબાઈની કુલ ૧૨ પાઈપલાઈનોની કામગીરી તથા ૩૧ પમ્પીંગ સ્ટેશનના કામો, રૂ.૩૮૭૬ કરોડના ખર્ચે પુર્ણ કરી ૪૩૪ ગામના ૭૩૭ તળાવો તથા ૭ જળાશયોને જોડાણ આપવામાં આવ્યું છે. પાઈપલાઈનના હયાત સ્કાવર વાલ્વથી તળાવ જોડાણની ૨ કિ.મી.ની મર્યાદા ૩ કિ.મી. કરવામાં આવી જેના લીધે વધુમાં વધુ તળાવોને નેટવર્ક પાઈપલાઈન અંતર્ગત જોડાણ આપી વધુમાં વધુ વિસ્તાર સિંચાઈ સુવિધા હેઠળ આવરી લેવાની કાર્યવાહી ચાલુ છે. નર્મદાના પૂરના વહી જતાં વધારાના પાણી પૈકી ફળવાયેલ એક મીલિયન એકર ફીટ પાણીથી ઉત્તર ગુજરાતનાં ૯ (નવ) જળાશયો ધરોઈ, હાથમતી, ગુહાઈ, વાત્રક, માઝમ, મેશ્વો, મુક્તેશ્વર, દાંતીવાડા, સીપુમાં નર્મદાનું પાણી નાખી ભરવા અને પથરેખામાં આવતા તળાવો ભરવા કુલ ૧૪ ઉદ્વહન સિંચાઈ પાઈપલાઈનોનું આયોજન થયું. ૮૬૪.૨૨ કિ.મી લંબાઈની કુલ ૧૨ પાઈપાલાઈનોની કામગીરી તથા ૩૧ પમ્પીંગ સ્ટેશનના કામો, રૂ.૩૮૭૬ કરોડના ખર્ચે પુર્ણ કરી ૪૩૪ ગામના ૭૩૭ તળાવો તથા ૭ જળાશયોને જોડાણ આપવામાં આવ્યું છે. પાઈપલાઈનના હયાત સ્કાવર વાલ્વથી તળાવ જોડાણની ૨ કિ.મી.ની મર્યાદા ૩ કિ.મી. કરવામાં આવી. જેના લીધે વધુમાં વધુ તળાવોને નેટવર્ક પાઈપલાઈન અંતર્ગત જોડાણ આપી વધુમાં વધુ વિસ્તાર સિંચાઈ સુવિધા હેઠળ આવરી લેવાની કાર્યવાહીઓ ચાલુ છે. પાણીના સ્તરો ઉંચા આવવાથી ખેત ઉત્પાદનમાં વધારો થયેલ છે તથા પશુપાલન વ્યવસાય વિકસિત થયો છે. સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થયેથી ખેતીલાયક જમીનના વિસ્તારમાં વધારો થવાથી આવકમાં વધારો થયો છે.

**કડાણા બંધથી બનાસ બંધ સુધી ૩૩૭ કિ.મી. લાંબી કેનાલ દ્વારા પાણી પહોંચાડવાની સુજલામ સુફલામ યોજના પૂર્ણ થઈ**

**સૌની યોજના થકી સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાના ૧૧૫ તળાવો ભરી ખેડૂતોને પાણી પહોંચાડાયુ**

**સૌની યોજના**

સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન યોજના, નર્મદાના પુરના વધારાના ૧ મીલીયન એકર ફીટ(૪૩,૫૦૦ મીલીયન ઘનફુટ) પાણીથી સૌરાષ્ટ્રના ૧૧ જીલ્લાઓના ૧૧૫ હયાત જળાશયો ભરીને આશરે ૯૭૦ કરતા વધુ ગામોના ૮,૨૪,૮૭૨ એકર વિસ્તારમાં સિંચાઈ સુવિધા સુદઢ કરવા તથા પીવાના પાણીનો લાભ આપવાનુ આયોજન કરવામાં આવ્યું છે. યોજના ત્રણ તબક્કામાં ચાર લીંકના આયોજનથી ૩૩ પેકેજ દ્વારા પુર્ણ કરવાનુ આયોજન છે. જેમાં ૧૩૭૧ કિ.મી. લંબાઈની માઈલ્ડ સ્ટીલની પાઈપલાઈન અને ૩૮ કરતાં વધુ પંપીંગ સ્ટેશન દ્વારા ૧૧૫ હયાત જળાશયોમાં પાણી નાખવાનુ થાય છે. સૌની યોજના અંતર્ગત ડિસેમ્બર-૨૦૨૧ સુધીમાં કુલ ખર્ચ રૂ.૧૬૧૪૮ કરોડનો થયો છે.

**સુજલામ સુફલામ જળ અભિયાન**

સમગ્ર રાજ્યમાં પાણીના સંગ્રહનો વ્યાપ વધારવાની ઝુંબેશ સ્વરૂપે છેલ્લા ચાર વર્ષથી સુજલામ સુફલામ જળ અભિયાન હાથ ધરવામાં આવે છે. આ કામગીરીમાં જન ભાગીદારી વધારવાની તથા પાણી બચાવવા અને પાણીનો બગાડ અટકાવવા લોકમાનસમાં જાગૃતિ ફેલાય તેવી વિચારધારા સાથે વર્ષ ૨૦૧૮માં ૧લી મે ગુજરાત રાજ્ય સ્થાપના દિનથી ૧ મહિના માટે અભિયાનની કામગીરી શરૂ કરવામાં આવી. અભિયાન અંતર્ગત છેલ્લા ૪ વર્ષમાં ૫૬૬૯૮ કામો હાથ ધરવામાં આવેલ છે, જે પૈકી મુખ્યત્વે તળાવો ઉંડા કરવાના/નવા તળાવોના ૨૧૪૦૨ કામો, ચેકડેમ ડિસિલ્ટીંગના ૧૨૨૨૧ કામો તથા ચેકડેમ રીપેરીંગના ૩૪૩૫ કામો કરવામાં આવેલ છે. ૧૦૭૯ નવા ચેકડેમો બનાવવામાં આવેલ છે. કુલ ૫૦,૩૫૩ કિ.મી. લંબાઈમાં નહેરોની તથા કાંસની સાફ-સફાઈના કામો કરવામાં આવ્યાં છે. અભિયાન અંતર્ગત છેલ્લા ૪ વર્ષમાં થયેલ કામોથી જળ સંગ્રહશક્તિમાં કુલ ૬૧૭૮૧ લાખ ઘન ફૂટ જેટલો વધારો થયો છે તથા ૧૫૬.૯૩ લાખ માનવદિનની રોજગારી ઉભી થઈ છે. પાણીના સંગ્રહમાં વધારો થવાથી ભૂગર્ભ જળ સ્તર ઉંચા આવ્યા છે. ખોદકામ તથા ડીસિલ્ટીંગની કામગીરીથી નીકળેલ માટી/કાંપનો ઉપયોગ ખેડૂતોના ખેતરોમાં તથા સરકારના અન્ય વિકાસના કામોમાં થયા છે. સ્થાનિકકક્ષાએ ઘરગથ્થુ વપરાશ, ઢોર-ઢાંખરને પીવાના પાણીની સમસ્યાઓ મહદઅંશે હલ થઈ છે. સિંચાઈ વ્યવસ્થા સુદ્રઢ બની છે. પર્યાવરણમાં સુધારની સાથે પાણીના બગાડમાં મહદઅંશે ઘટાડો થયો છે.

## સુજલામ સુફલામ જળ અભિયાને જળ સંગ્રહ ક્ષેત્રે ક્રાંતિ આણી



**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના**

અનિયમિત વરસાદના કારણે પાણીની અછત નિવારવા તેમજ વરસાદના વ્યર્થ રીતે વહી જતા પાણીને અટકાવવા તેમજ સંગ્રહાયેલ પાણીનો પુરેપુરો ઉપયોગ થાય તે નવા ચેકડેમ, ચેકડેમ રીપેરીંગ અને ચેકડેમ ડીસીલ્ટીંગના કામો થકી જળસંચય અને જળ પુનઃ વિતરણને અગ્રીમતા આપવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૦૫-૬ થી સમગ્ર રાજ્યમા આ યોજનામાં ૮૦:૨૦ના ધોરણે (૮૦ ટકા સરકારી અને ૨૦ટકા લોકફાળો)થી કામગીરી કરવામાં આવેલ છે અને વર્ષ ૨૦૨૧-૨૦૨૨ સુધી કુલ ૧.૮૫ લાખથી પણ વધુ ચેકડેમના કામો પુર્ણ થયાં છે. જેના પરિણામે આશરે ૪.૫૦ લાખ હેકટરથી પણ વધુ વિસ્તારને પ્રત્યક્ષ/પરોક્ષ સિંચાઈની સુવિધાનો લાભ ઉપલબ્ધ થયો છે તદ્ઉપરાંત ભુગર્ભ જળના સ્તરોમાં નોંધપાત્ર સુધારો જોવા મળેલ છે અને જમીન ધોવાણ પણ મહદઅંશે અટક્યુ છે.

**નહેરોનુ વિસ્તરણ, નવીનીકરણ અને આધુનિકરણ**

સિંચાઈ યોજનાની બાંધકામ વર્ષો અગાઉ કરેલ હોવાથી નહેરોના વિસ્તરણ, નવીનીકરણ અને આધુનિકરણ કરવા આવશ્યક છે. જેથી નહેરના છેવાડાના ખેડૂતોને પુરતા પ્રમાણમાં પાણી મળી રહે. જુન



૨૦૨૧ સુધીમાં ૮.૩૦ લાખ હેકટરથી વધુ વિસ્તારમાં હયાત સિંચાઈ યોજનાઓના નહેરોના વિસ્તરણ, નવીનીકરણ અને આધુનિકરણના કામો પુરા કરવામાં આવ્યા છે. આ કામો કરતી વખતે ખેડૂતોને અપાતી સિંચાઈ સુવિધામાં કોઈ અડચણ ન આવે તે રીતે આયોજન કામગીરી કરવામાં આવે છે. આમ કામો હાથ ધરવાથી નહેરોમાંથી લીકેજ/સીપેજ દ્વારા થતો પાણીનો દુર્વ્યય અટકે છે. પિયત વિસ્તારના ખેડૂતોને સમયસર અને પ્રમાણસર પુરતુ પાણી મળી રહેવાથી સિંચાઈ સુવિધા સુદઢ થવા પામી છે.

**વનબંધુ કલ્યાણ યોજના**

રાજયમાં ઉમરગામ થી અંબાજી સુધીના પુર્વ પટ્ટીના આદિવાસી વિસ્તારના ૧૪ જિલ્લા (સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, દાહોદ, પંચમહાલ, મહીસાગર, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, ડાંગ, સુરત, તાપી, નવસારી, વલસાડ) ના ૫૩ તાલુકાને સિંચાઈની સવલતો પુરી પાડવા માટે વિભાગે ચેકડેમ બાંધવા, તળાવો ઉંડા કરવા, ઉદવહન સિંચાઈ યોજનાઓ, હાઈ લેવલ કેનાલ વગેરે કામોનું નકકર આયોજન કરવામાં આવ્યું છે. યોજના હેઠળ ૧૪,૮૭૩ ચેકડેમોના બાંધકામ, ૩૫૪૮ તળાવો ઉંડા કરવાના કામો, ૧૩૪૬ એલ.આઈ. સ્કીમોના કામો તેમજ ૧૫૮૨ જૂથ સિંચાઈ કૂવાઓ તથા વોટર શેડ આધારીત સંગ્રહસ્થાન મળી કુલ ૨૧,૩૪૯ કામો હાથ ધર્યા છે. જેનાથી ૩.૮૬ લાખથી વધુ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળે છે. નહેર સુધારણાના તથા સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન હેઠળના કામોથી ૬.૧૭ લાખ એકર વિસ્તારમાં સિંચાઈ સુવિધા સુદઢ થઈ છે. યોજના હેઠળ કડાણા જળાશય, કરજણ જળાશય, કાંકરાપાર જળાશય અને ઉકાઈ જળાશય આધારિત ૧૩ મોટી ઉદવહન યોજનાઓ રૂ. ૫૦૪૨ કરોડના ખર્ચે ૩.૪૮ લાખ એકર વિસ્તારને સિંચાઈ સુવિધા આપવા માટે હાથ ધર્યા છે. આ પૈકી પાંચ યોજનાઓની કામગીરી રૂ.૨૧૦૯ કરોડના ખર્ચે પૂર્ણ થયા છે અને રૂ.૨૯૩૩ કરોડના ખર્ચે ૮ યોજનાઓના કામો પ્રગતિમાં છે.